| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૩/૦૬/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૧૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૮૩૯ | ૪૮ | ૮૮૮૭ | ૧૪૯૧૩ | ૩૯ | ૧૪૯૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૦ | ૧ | ૪૨૫૧ | ૫૭૬૪ | ૩ | ૫૭૬૭ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૩૭ | ૧ | ૩૮ | ૨૦૦ | ૦ | ૨૦૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૦૪૮ | ૨૧૭ | ૯૨૬૫ | ૯૯૭૪ | ૨૧૮ | ૧૦૧૯૨ |
| કુલ | | ૨૨૧૭૪ | ૨૬૭ | ૨૨૪૪૧ | ૩૦૮૫૧ | ૨૬૦ | ૩૧૧૧૧ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૨૦ | ૧,૦૮,૬૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯૭૬ | ૩,૯૫,૨૦૦/- |

# બાળકીને શોધી કાઢી પોતાના વાલીને સોપી ધીધેલ

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## ગુમ થયેલ બાળકીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી પોતાના પિતા સાથે મિલન કરાવતી કાગડાપીઠ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જાળવવા અને શરીર સબંધી તેમજ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડિવીઝન અમદાવાદ તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એમ.એ.સિંહ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૨૦/૦૬/૨૦૨૦ ના રોજ “સી” ટીમના ઇન્ચાર્જ હરીભાઇ નાયાભાઇ બ.નં-૫૪૨૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન  કાગડાપીઠ ટુ ગાડીને કંટ્રોલના કલાક-૨૧/૩૭ વાગ્યનો મેસેજ મળેલ જે મેસેજ આધારે મેસેજવાળી જગ્યાએ ભુલાભાઇ મધ્યમવર્ગ સોસાયટી ખાતે જઇ તપાસ કરતા મધ્યમવર્ગ સોસાયટી આગળ એક છોકરી એકલી મળી આવેલ જેને પોલીસ સ્ટેશન ખાતે ઇન્વે રૂમમા લાવતા ઇન્વેમા ફરજ પર હાજર અ.હેડ.કોન્સ. પ્રમોદકુમાર નટવરભાઇ બ.નં-૩૮૦૨ તથા ‘સી’ ટીમના વુ.પો.કો. મનિષાબેન નાજુભાઇ બ.નં-૩૭૨૮ તથા સ્ટાફના સાથેના માણસોએ સદરી છોકરીને પુછપરછ કરતા વ્યવસ્થિત જવાબ આપતી ન હોય અને માનસિક બિમાર હોવાનુ જણાઇ આવેલ જેથી છોકરીને વિશ્વાસમાં લઇ પુછપરછ કરતા તેણે જણાવેલ કે તે તેની માતા સાથે બિહાર રાજ્યના બકસર શહેરમા આવેલ સદર હોસ્પિટલમા દવા લેવા માટે ગયેલ હતી ત્યાથી ભાગીને દવાખાનાથી દશ મીનીટના અંતરે આવેલ બિહાર રાજ્યના બકસર રેલ્વે સ્ટેશનથી ટ્રેનમા બેસીને અમદાવાદ ખાતે આવેલ હોવાનુ જણાવેલ અને શાંતિથી વધુ પુછપરછ કરતા તેણે પોતાની માતા નો મોબાઇલ નં-૮૦૮૪૪૬૫૨૧૪ નંબર જણાવેલ જે મોબાઇલ નંબર ઉપર અમોએ સંપર્ક કરી, છોકરીની માતા અફશરીખાતુન સાથે વાત કરતા તેના માતાએ તેમની દિકરીનુ નામુ નાજીયાખાતુન ડો/ઓફ સેરાજ જાતે-રાઇન ઉ.વ.૧૪ રહે,ગામ-સરેજા પોસ્ટ સરોજ જિલ્લો બકસર રાજ્ય-બિહાર નાનુ હોવાનુ જણાવેલ અને તેઓની દિકરી માનસિક રીતે બિમાર છે અને તારીખ-૧૭/૦૬/૨૦૨૦ ના રોજ તેઓ બિહાર રાજ્યના બકસર શહેરમા આવેલ સદર દવાખાના નામના સરકારી દવાખાને પોતાની દિકરીની માનસિક બિમારીની દવા લેવા માટે ગયેલ અને તેઓ દવાખાનામા દવા લેવા માટે લાઇનમા ઉભા હતા ત્યાથી તેઓની દિકરી નાજીયાખાતુન ગુમ થઇ ગયેલાનુ જણાવેલ જેથી અમોએ છોકરીને તેની માતા સાથે મોબાઇલ

ફોન તથા વિડિયો કોલ કરીને વેરીફાઇ કરાવી, તેમને પોતાની દિકરી કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે હોવાનું જણાવી અત્રેના પોલીસ સ્ટેશન ખાતે બોલાવી, મળી આવેલ છોકરી નાજીયાખાતુનનો કબજો તેના પિતાજીને સોંપી સારી કામગીરી કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૨ લીટર દેશી દારૂ અને ૩ કવાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૯૬,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૦**

**સરદારનગરઃ** હરેશભાઇ દીલીપકુમાર પ્રીતમાણી (ઉ.વ.૩૩) (રહે. રાધે રેસીડેન્સી નાના ચીલોડા નોબલનગર સરદારનગર) એ તા.૨૨/૦૬/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૪/૨૦૨૦ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે આરોપી મોબાઇલ નંબર ૮૩૮૯૯૪૯૫૯૬ ના ધારકે હરેશભાઇ પ્રીતમાણીને ફોન કરી પે ટી એમ કે.વાય.સી માથી બોલું છું તમારુ પેટીએમ બંધ થઇ જશે તમારે કે.વાય.સી કરાવવુ પડશે તેમ કહી હરેશભાઈને વિશ્વાસમાં લઈ જે વાત દરમ્યાન જ હરેશભાઈના કેર્ડિટ કાર્ડમાંથી રૂપિયા ૪૯,૦૦૦/- તથા રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- ઓનલાઇન ખરીદી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.બી.બારડ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મનસુખભાઇ નાનજીભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે. બંગલા નંબર-૯ તાતાનગર સોસાયટી મેઘાણીનગર) તા.૨૧/૦૬/૨૦૨૦ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર રત્નાસાગર ચાર રસ્તા પાસે આવેલ એ.બી.આઇ.બેંકના એ.ટી.એમ.મશીનમા પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે પૈસા ઉપાડવા માટે મદદ માગતા ત્યા હાજર એક પુરૂષે પૈસા ઉપાડી આપુ તેમ કહી વિશ્વાસમા લઇ એ.ટી.એમ કાર્ડ લઇ અને પીન નંબર મેળવી લઇ વાતોમા વ્યસ્ત રાખી મનસુખભાઈનુ એ.ટી.એમ.કાર્ડ બદલી બીજુ એ.ટી.એમ.કાર્ડ આપી મનસુખભાઈના એ.ટી.એમ.કાર્ડ દ્વારા ખાતામાંથી જુદા જુદા સમયે કુલ રૂપિયા ૪૯,૦૮૬/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની ફરીયાદ મનસુખભાઇ પટેલે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.સિંધવ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૦/૨૦૨૦</u>**

**સેટેલાઇટઃ** અભીજાત મુરલીધર શર્મા (ઉ.વ.૪૦) (રહે. સેક્ટર નંબર-૭ લેન નંબર-૮ સત્યાગ્રહ છાવણી ગુલમહોર મોલની બાજુમા સેટેલાઇટ) એ તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૦ કલાક ૧૨/૦૦ થી તા.૧૬/૦૬/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાંથી કબાટના ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૯૪,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૧/૨૦૨૦</u>**

**રામોલઃ** શકુંતલાબહેન મંગલસિંગ કુશ્વાહ (ઉ.વ.૩૬) (રહે. દુર્ગાનગર સિલ્વર સીટી) નિ:સંતાન હોઈ મનમાં લાગી આવતા તા.૧૮/૦૬/૨૦૨૦ના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ફીનાઈલ પી લીધુ હતુ. સારવાર માટે તેમને આનંદ સર્જીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**કાગડાપીઠઃ** હેતલબહેન ડો/ઓ પ્રવિણભાઇ જાદવ (ઉ.વ.૧૩) (રહે. છોટુભાઇ હાઉસીંગ સોસાયટી ગીતા મંદીર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૬/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી